GJVD070001202026	રજુ કર્યા તારીખ	૦૭/૦૨/૨૦૨૬		
	દાખલ તારીખ	૦૭/૦૨/૨૦૨૬		
	ફેંસલ તારીખ	૦૩/૦૪/૨૦૨૬		
	સમયમર્યાદા	દિવસ	માસ	વર્ષ
		૨૪	૦૧	૦૦

<u>ડભોઈના એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રીમતી એન.એ.ચોક્સી) સાહેબની અદાલતમાં, મુ. ડભોઈ.</u>

ફોજદારી કેસ નંબર :- ૬૩ / ૨૦૨૬
આંકઃ-

ફરીયાદીઃ- **ગ્રો ગ્રીન એગ્રો ઈન્ડસ્ટ્રીઝના પ્રો. રમીલાબેન મહેશભાઇ ચૌધરીના**
કુ.મુ. કમલેશ અરવિંદભાઈ પટેલ
ઉ.વ.- પુખ્ત, ધંધો - વેપાર,
રહે.- બી-૨૮, સુંદરમ પાર્ક સોસાયટી, વી.આઇ.પી.રોડ, કારેલીબાગ, વડોદરા-૩૯૦૦૧૮.

<u>વિરૂદ્ધ</u>

આરોપીઃ- **એગ્રો બિઝનેશ સેન્ટરના પ્રોપરાઇટર**
ઠાકોર ભગવાનભાઇ દેવસીભાઇ
ઉ.વ.- પુખ્ત, ધંધો - વેપાર,
સરનામુઃ-
(૧) માર્કેટ યાર્ડ રોડ, મુ.પો. રાધનપુર, તા.રાધનપુર, જી.પાટણ(ગુજરાત)-૩૮૫૩૪૦
(૨) ઠાકોર વાસ, મુ. સાંથલી, તા.રાધનપુર, જી.પાટણ(ગુજરાત)

ફરીયાદઃ- **<u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ,૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબ</u>**

રજુઆતઃ- ફરીયાદી તરફે વિદ્વાન વકીલશ્રી એલ.જે.પટેલ.
આરોપી તર્ફે વિદ્વાન વકીલશ્રી કે. જે. ભાવસાર.

–:: <u>ઠરાવ</u> ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી એગ્રીકલ્ચર એગ્રો કેમીકલ્સ અને ફર્ટીલાઈઝરનો મેન્યુફેકચરીગનો ધંધો ભારતના વિવિધ રાજયમાં પોતાની બ્રાન્ડથી કરે છે. ફરીયાદીના ધંધાનુ સ્થળઃ ગ્રો ગ્રીન એગ્રો ઈન્ડસ્ટ્રીઝ,૬૧, શીવ ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર પાર્ક, લીમડાપુરા, તા.સાવલી, જી.વડોદરા મુકામે આવેલ છે તેમજ બેંક ડીપોઝીટ સ્થળ–એચ.ડી.એફ.સી. બેંક, ડભોઈ મુકામે આવેલ છે.

(૧/૧) આરોપીનાઓ એગ્રી બીઝનેશ સેન્ટર નામથી ફરીયાદમાં જણાવેલ સરનામે પેસ્ટીસાઈડઝ, ખાતર વિગેરેનો ધંધો કરે છે અને ફરીયાદી પાસેથી ધંધો કરવા માલ લઈ જતા હોય, તેના હિસાબ પેટે આરોપીએ તા.૧૨.૧૨.૨૦૨૫ ના રોજનો એચ.ડી.એફ.સી બેંક, રાધનપુર શાખાનો રૂ.૨,૩૪,૫૯૯/– (અંકે રૂપિયા બે લાખ ચોત્રીસ હજાર પાંચસો નવ્વાણુ પુરા) નો ચેક નંબર–૦૦૦૫૩૮ આપેલ. જે ચેક ફરીયાદીએ તેઓની એચ.ડી.એફ.સી. બેંક, ડભોઈ બ્રાંચમાં તેઓના ખાતામાં તા.૧૨.૧૨.૨૦૨૫ ના રોજ જમા કરાવતા, સદરહુ ચેક તા.૧૨.૧૨.૨૦૨૫ ના રોજ "**DRAWER SIGNATURE DIFFERS**” ના કારણે પરત ફરેલ છે.

(૧/૨) જેથી, ફરીયાદીએ પોતાના વકીલશ્રી મારફતે તા.૩૦.૧૨.૨૦૨૫ ના રોજ સ્પીડ પોસ્ટ. દ્વારા નોટીસ આપેલી, જે નોટીસ આરોપીને તા.૦૧.૦૧.૨૦૨૬ ના રોજ બજી ગયેલ છે અને આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતાં, નોટીસની મુદત અંદર તેનો કોઈ જ અમલ કરેલ નથી કે ચેક મુજબની કોઈ જ રકમ વસુલ આપેલ નહી. આમ, આરોપીએ ડીમાન્ડ નોટીસ મળ્યાના પંદર દિવસની અંદર ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ નહી. તેથી, ફરીયાદીએ આરોપી વિરૂદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબની હાલની ફરીયાદ કરેલ છે અને આરોપીને કાયદામાં ઠરાવ્યા મુજબની પુરેપુરી સજા તેમજ દંડ કરવા અરજ કરેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદ, ફરીયાદીનું વેરીફીકેશન અને રજુ થયેલ દસ્તાવેજો ઉપરથી ફરીયાદ અંગેનું કોગ્નીજન્સ લઈને આરોપી વિરૂદ્ધ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૨૭** મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ,

૧૮૮૧ની કલમ–૧૩૮ના ગુન્હા સબબ સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ. તે સમન્સની બજવણી થતાં, આરોપી નામદાર કોર્ટમાં હાજર થતાં, **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૨૩૦** મુજબ કેસ પેપર્સની નકલો આરોપીને વિના મૂલ્યે આપવામાં આવેલી અને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૪** મુજબ ગુના અંગે પૂછતાં આરોપીએ આંક–૮ થી તા.૦૩.૦૪.૨૦૨૬ના રોજના નિવેદનમાં ગુન્હાનો ઈન્કાર કરેલો. આરોપીએ ગુન્હો કબુલ ન રાખતા, સદરહુ કામ ફરીયાદીના પુરાવાના તબકકે મુકરર થયેલ છે.

(૩) ફરીયાદપક્ષે તેઓના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

–:: મૌખિક પુરાવો ::–

ક્રમ	વિગત	આંક
૧	ફરીયાદી ગ્રો ગ્રીન એગ્રો ઈન્ડસ્ટ્રીઝના પ્રો. રમીલાબેન મહેશભાઇ ચૌધરીના કુ.મુ. કમલેશ અરવિંદભાઇ પટેલની જુબાની	૦૪

–:: દસ્તાવેજી પુરાવો ::–

ક્રમ	વિગત	આંક
૧	ચેક નંબર– ૦૦૦૫૩૮	૧૦
	બેંક વાઉચર	૧૧
૨	ચેક રીટર્નમેમો	૧૨
૩	આરોપીને આપેલ ડીમાન્ડ નોટીસની સ્થળપ્રત	૧૩
૪	આરોપીને ચેક રીટર્નની નોટીસ મોકલ્યા સંદર્ભે સ્પીડ પોસ્ટ પ્રથમ અને બીજા સરનામે મોકલેલ તેની પાવતી	૧૪,૧૫
૫	આરોપીને નોટીસ બજી ગયાનો ઓનલાઇન ટ્રેકીંગ રીપોર્ટ	૧૬,૧૭
૬	પાવર ઓફ એટર્નીની નોટરટાઇઝ્ડ નકલ	૧૮
૭	ગ્રો ગ્રીન ઈન્ડસ્ટ્રીઝનુ લાયસન્સની નકલ	૧૯

– ફરીયાદપક્ષ તરફે ઉપરોક્ત પુરાવો રજુ કર્યા બાદ વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને આંક–૨૦થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૪) **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદનઃ–**

– આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીનું **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૩૫૧** અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ પુરાવો પોતાની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું અને આરોપીએ આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરી જણાવેલ છે કે, તેઓને જુબાની આપવી નથી તેમજ બચાવમાં સાહેદો તપાસવા નથી અને વિશેષમાં એવુ જણાવેલ છે કે, અમો આરોપી નિર્દોષ છીએ અને અમારી વિરૂદ્ધ ખોટી ફરીયાદ કરેલ છે.

(૫) <u>દલીલોઃ–</u>

– આ કામે ફરીયાદપક્ષે વિદ્વાન વકીલશ્રી એલ.જે.પટેલ તેમજ આરોપીપક્ષે વિદ્વાન વકીલશ્રી કે.જે.ભાવસારની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોક્ત હકીકતો અને રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતાં, આ કેસના ન્યાયિક નિર્ણય અર્થે માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: <u>મુદ્દાઓ</u> ::–

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરીયાદી પાસેથી પેસ્ટીસાઇઝડ ખાતર વિ. વેપાર અર્થે લઇ જઇ અને તેના હિસાબ પેટે ફરીયાદીને ચુકવવાની નિકળતી બાકી લેણી રકમ પેટે તા.૧૨.૧૨.૨૦૨૫ ના રોજનો એચ.ડી.એફ.સી બેંક, રાધનપુર શાખાનો રૂ.૨,૩૪,૫૯૯/– (અંકે રૂપિયા બે લાખ ચોત્રીસ હજાર પાંચસો નવ્વાણુ પુરા) નો ચેક નંબર–૦૦૦૫૩૮ આપેલ. જે ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં જમા કરાવતાં, તે ચેક "**DRAWER SIGNATURE DIFFERS**" ના શેરાથી પરત ફરતાં, ફરીયાદીએ આરોપીને કાયદેસરની ડીમાન્ડ નોટીસ આપેલ અને તે ડીમાન્ડ નોટીસની આરોપીને ધોરણસર રીતે બજવણી થઇ ગયેલ હોવા છતાં, આરોપીએ નોટીસ મળ્યાના દિન–૧૫ માં ચેકની લેણી રકમ ફરીયાદીને નહી ચુકવી આપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

–:: કારણો ::–

➔ **મુદ્દા નંબરઃ– ૧**

(૯) આ કામે ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકતને સમર્થન આપવા માટે આંક–૪ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. ફરીયાદીએ સરતપાસના સોગંદનામામાં આંક:૦૧ ની ફરીયાદને અક્ષરસહ સમર્થન આપેલ છે. પુરાવાઓનુ મુલ્યાંકન કરતા અગાઉ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાઇ આવે છે.

(૯/૧) હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયેની હોઈ તેમજ ચેકધારણ કરનારની તરફેણમાં કલમ– ૧૧૮, કલમ– ૧૩૯ મુજબનુ અનુમાન કરવાનુ હોવાથી સદરહુ જોગવાઈઓ વંચાણે લેવી જરૂરી અને આવશ્યક જણાય છે જે નીચે મુજબ છે :–

138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account ...

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall,

without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless-

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or as the case may be, to the holder in due course of the cheque within fifteen days of the receipt of the said notice.

Explanation.-For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

139. Presumption in favour of holder.

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

118. Presumptions as to negotiable instruments

Until the contrary is proved, the following presumptions shall be made: -

(a) of consideration; that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration ;

(૯/૨) ઉપરની જોગવાઈ વંચાણે લેતાં ચેક રીર્ટનનો ગુન્હો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો સાબિત કરવા જરૂરી છેઃ–

૧) આરોપીએ કાયદેસરના લેણા કે જવાબદારી કે તેનો ભાગ અદા કરવા માટે પોતાના બેન્ક ખાતાનો ચેક આપેલ હોવો જોઈએ,

૨) તે ચેક તેની અવધી દરમ્યાન બેન્કમાં રજૂ થવો જોઈએ,

૩) તે ચેક અપુરતા ભંડોળના કારણે અથવા તો બેંક ખાતામાં વ્યવસ્થા હોય તેના કરતા વધુ રકમનો ચેક હોવાના કારણે પરત થયેલ હોવા જોઈએ,

૪) તે ચેક પરત થયાની જાણ થયાના ૩૦–દિવસની અંદર ચેક ધારણ કરનારે ચેક લખનારને નોટીસ આપી ચેકના નાંણાની માંગણી કરેલ હોવી જોઈએ,

૫) તે નોટીસ મળી ગયેલ હોવા છતાં દિન–૧૫માં ચેક લખનારે ચેકની રકમ ચુકવી આપેલ ન હોવી જોઈએ.

જો ઉપરના આવશ્યક તત્વો સંતોષાય તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૩૮ નો ગુન્હો બને છે તેમ માની શકાય.

(૧૦) ઉપરની કાયદેસરની જોગવાઈઓ ધ્યાનમાં રાખીને પુરાવાઓનુ મુલ્યાંકન કરવામાં આવે તો જ તકરારી મુદ્દાનો સાચો અને ખરો નિર્ણય થઈ શકે.

આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ અન્વયે ચેક ધારણ કરનારની તરફેણમાં કાયદેસરનુ જે અનુમાન કરવાનું હોય છે તે મુજબ ચેક ધારણ કરનારને તેના કાયદેસરના લેણા પેટે ફરીયાદવાળો ચેક આપવામાં આવેલ છે તેવા અનુમાન સાથે પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ હોય છે અને આવા અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે

હોય છે. આરોપીએ શકયતાની પ્રાબલ્યતાના આધારે ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ અનુમાનનુ ખંડન કરવાનું હોય છે. અત્રે એ હકીકત નોંધવી જરૂરી હોય છે કે, અનુમાનનુ ખંડન કરવા માટે બચાવપક્ષ ધ્વારા જે પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં આવે તે પુરાવો ફરીયાદીની ઉલટતપાસ થકી પણ રેકર્ડ ઉપર આવેલ હોઇ શકે. બચાવપક્ષ ચેક ધારણ કરનારની તરફેણમાં કરવામાં આવેલ અનુમાનનુ ખંડન થાય તેવી શકયતા ઉપસ્થીત કરવા માટે શક્યતા ઉપસ્થિત થાય તેવો પુરાવો રજુ કરવામાં સફળ થાય તો ફરીયાદીએ પોતાના પુરાવાથી ફરીયાદવાળો ચેક કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ તે હકીકત સાબિત કરવાની હોય છે. એટલે કે કાયદેસરના અનુમાનનુ ખંડન કરવાને પાત્ર શકયતા ઉપસ્થીત થાય તેવો પુરતો પુરાવો રજુ કરવાની અને રેકર્ડ ઉપર લાવવાની સૌપ્રથમ જવાબદારી આરોપીપક્ષના શીરે મુકવામાં આવેલ છે અને આરોપી તે જવાબદારી અદા કરવામાં સફળ રહે તો શંકાથી પર રહીને કેસ સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શીરે આવે છે.

આરોપીએ જે પુરાવો રેકર્ડ ઉપર લાવવાનો છે તે માત્ર ફરીયાદીની ફરીયાદ સામે શંકા ઉપસ્થિત થાય તેવો પુરાવો ન હોવો જોઈએ પરંતુ ફરીયાદીવાળો ચેક કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ નથી તેવી શકયતા ઉપસ્થીત કરે તેટલો પુરતો પુરાવો હોવો જોઈએ.

(૧૧) હાલના કેસમાં ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ-૧૪૫(૧) અન્વયેની આંક-૪ની જુબાની વંચાણે લેતાં, સરતપાસના સોગંદનામામાં ફરીયાદીએ ફરીયાદ હકીકતને સંપુર્ણપણે સમર્થનકારી જુબાની આપેલ છે.

(૧૧/૧) ફરીયાદીએ પોતાના મૌખીક પુરાવાને સમર્થન આપવા આંક-૧૦ થી અસલ ચેક રજુ કરેલ છે, જે આરોપીના ખાતામાં રૂ.૨,૩૪,૫૯૯/-નો તા.૧૨.૧૨.૨૦૨૫ના રોજનો, ફરીયાદીના નામનો, આરોપીની સહીવાળો રજુ કરેલ છે. સદરહુ ચેક તેના નિયત સમયગાળા દરમ્યાન એટલે કે ૩ માસની અંદર બેંકમાં સ્વીકારાવવા માટે રજુ કરવામાં આવેલ છે. સદરહુ ચેકમાં આરોપીની સહી હોવા બાબતે તથા આ ચેક આરોપીએ ફરીયાદીને આપ્યા બાબતે બચાવપક્ષ ધ્વારા કોઇ તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ મુજબનુ અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાને પાત્ર હાલના કેસના સંજોગો છે અને હકીકતો છે. એટલે કે સદરહુ આંક-૧૦ વાળો ચેક આરોપીએ

કાયદેસરના લેણા પેટે ફરીયાદીને આપેલ હોવાનું માનવાને પાત્ર હાલના કેસના સંજોગો છે અને હકીકતો છે.

(૧૧/૨) આંક–૧૨ થી ફરીયાદપક્ષ ધ્વારા ચેક રીટર્નમેમો રજુ કરવામાં આવેલ છે અને તે ચેક રીટર્નમેમો વંચાણે લેતાં, આંક–૧૦ વાળો ચેક બેંકમાં રજુ થતાં, સદરહુ ચેક વગર સ્વીકારાયે પરત ફરેલ હોવાની ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન મળી રહે છે.

(૧૧/૩) આંક–૧૩ થી ફરીયાદપક્ષ ધ્વારા આરોપીને આપવામાં આવેલ ડીમાન્ડ નોટીસની સ્થળપ્રત રજુ કરવામાં આવેલ છે અને તેમાં આરોપીએ બાકી લેણી રકમ પેટે આપેલ રૂ.૨,૩૪,૫૯૯/– ના ચેક પરત ફરતાં, તે ચેકની રકમ દિન–૧૫ માં ચુકવી આપવાની માંગણી કરવામાં આવેલ છે.

(૧૧/૪) આંક–૧૪ અને આંક–૧૫ થી ફરીયાદપક્ષ દ્વારા આરોપીને આપવામાં આવેલ ડીમાન્ડ નોટીસ તેઓના ફરીયાદમાં દર્શાવેલ પ્રથમ અને બીજા સરનામે સ્પીડ પોસ્ટ કર્યા બાબતેની રીસીપ્ટ રજુ કરવામાં આવેલ છે. તદ્દઅનુસાર તા.૧૨.૧૨.૨૦૨૫ના રોજ પરત ફરેલ ચેકની ડીમાન્ડ નોટીસ તા.૩૦.૧૨.૨૦૨૫ ના રોજ આરોપીને મોકલી આપવામાં આવેલ છે.

(૧૧/૫) આંક–૧૬ અને આંક–૧૭ થી આરોપીને મોકલવામાં આવેલ ડીમાન્ડ નોટીસના બજી ગયાનો ઓનલાઇન ટ્રેકીંગ રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે અને તે મુજબ આરોપીને તા.૦૧.૦૧.૨૦૨૬ ના રોજ સદરહુ ડીમાન્ડ નોટીસ બજી ગયેલ છે. આ કામે આરોપીને ડીમાન્ડ નોટીસની બજવણી નહી થયેલ હોવા બાબતે કોઇ તકરાર બચાવપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ નથી.

(૧૧/૬) આંક–૧૮ થી પાવર ઓફ એટર્નીની નોટરટાઇઝડ નકલ નકલ રજુ કરવામાં આવેલ છે.

(૧૧/૭) આંક–૧૯ થી ગ્રો ગ્રીન ઇન્ડસ્ટ્રીઝનુ લાયસન્સની નકલ નકલ રજુ કરવામાં આવેલ છે.

(૧૨) ફરીયાદીની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતાં, ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી સાથે ધંધાના વ્યવહાર પેટેના લેણી રકમનો ચેક લીધેલ, ચેક આરોપી પાસેથી કયારે લીધેલ, તેની કોઇ વિગત

તેઓએ તેમની ફરીયાદમાં જણાવેલ નથી.

(૧૨/૧) ફરીયાદીની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતાં, ફરીયાદીએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, બાકી રકમ સંદર્ભે તેમના ખાતાનો ઉતારો રજુ કરેલ નથી. ફરીયાદીએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપી સાથે તેઓ જાતે બેસી હિસાબ જોતા બાકીની લેણી રકમની ચુકવણી આરોપીએ તેઓને કરી દીધેલ છે અને કોઇ બાકી લેણુ વસુલવાનુ રહેતુ નથી. ફરીયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ફરીયાદવાળા ચેક પેટે હવે કોઇ રકમ બાકી નિકળતી નથી.

(૧૨/૨) આમ, ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતાં, ફરીયાદપક્ષ દ્વારા આરોપીના ખાતાનો ઉતારો રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદીએ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આરોપીએ ચેકની રકમ ચુકવી આપેલ છે અને ચેક પેટે કોઇ લેણી રકમ વસુલવાની બાકી નીકળતી નથી. ફરીયાદવાળા ચેકની રકમ કયારે ચુકવાયેલ તે બાબતે ફરીયાદી કોઇ વિગતો જણાવેલ નથી અને ડીમાન્ડ નોટીસ બજી ગયાના પંદર દિવસમાં સદરહુ રકમ ચુકવવામાં આવેલ નથી તે બતાવવા ફરીયાદપક્ષ ધ્વારા આરોપીના ખાતાનો ઉતારો રજુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં ચેકની રકમ ચુકવાઇ ગયેલ હોવાથી અને તે રકમ કયારે ચુકવવામાં આવેલ તે જણાવવામાં આવેલ ન હોવાથી સદરહુ ચેક કાયદેસરની લેણી રકમ પેટેનો ચેક છે તે હકીકત સામે શંકા ઉપસ્થિત થાય છે. વધુમાં, ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને ડીમાન્ડ નોટીસની બજવણી થયેલ છે કે કેમ તે બાબતે તેઓ ચોકકસપણે કહી શકે નહી. આ પરિસ્થિતીનો લાભ પણ આરોપીને મળવાપાત્ર છે તેવા તારણ ઉપર અત્રેની અદાલત આવેલ છે. આમ, ફરીયાદવાળો ચેક કાયદેસરના લેણાં પેટેનો ચેક હતો તે હકીકતનો બચાવપક્ષ ધ્વારા ખંડન કરવામાં આવેલ છે તે સંજોગોમાં ફરીયાદપક્ષ દ્વારા આરોપીના લોન ખાતાનો ઉતારો રજુ થયેલ ન હોવાથી ફરીયાદની તારીખે ચેકમાં જણાવેલ રકમ કાયદેસરની લેણી રકમ હતી તે હકીકત સાબીત થતી નથી. તે સંજોગોમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના આવશ્યક તત્વોનુ ખંડન કરવામાં બચાવપક્ષ સફળ રહેલ છે ત્યારે આવશ્યક તત્વો શંકાથી પર રહીને સાબીત કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શીરે રહેલ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અને ૧૧૮ મુજબના અનુમાનનુ ખંડન કરવામાં

બચાવપક્ષ સફળ રહેલ છે. આમ, આરોપીએ કાયદેસરના લેણાં પેટે આપેલ ચેક પરત ફરતાં, ફરીયાદીએ ડીમાન્ડ નોટીસ આપેલ અને તે ડીમાન્ડ નોટીસ બજી ગયાના ૧૫ દિવસમાં આરોપીએ ચેકોની લેણી રકમ ચુકવી આપેલ નહી તે હકીકત સાબીત કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ ન હોવાથી **મુદ્દા નંબર-૦૧** નો નિર્ણય "**નકારમાં**" નિર્ણીત કરી, **મુદ્દા નંબર-૦૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: <u>આખરી હુકમ</u> ::-

૧. આ કામે આરોપી એગ્રો બિઝનેશ સેન્ટરના પ્રોપરાઇટર ઠાકોર ભગવાનભાઇ દેવસીભાઇ, રહે. **(૧)** માર્કેટ યાર્ડ રોડ, મુ.પો. રાધનપુર, તા.રાધનપુર, જી.પાટણ(ગુજરાત)-૩૮૫૩૪૦, **(૨)** ઠાકોર વાસ, મુ. સાંથલી, તા.રાધનપુર, જી.પાટણ(ગુજરાત)નાઓને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૨૭૮(૧)** અન્વયે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૪૮૧** અન્વયે, છ માસ સુધીના સમયગાળા માટે રૂ.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ તારીખ ૦૩ જી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

ડભોઈ.
તા.૦૩/૦૪/૨૦૨૬.

(શ્રીમતી નીતા અજયકુમાર ચોક્સી)
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ડભોઈ.
જીજે ૦૦૮૪૩